

મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે અબોલ પ્રાણીઓ ખાસ કરીને કૂતરાંઓને ખવડાવવાનું પુણ્યકાર્ય મહત્વ ધરાવે છે. ગાંધીનગરના વાવોલ ખાતેના શાંતિવન ફ્લેટના મહિલામંડળ દ્વારા આ નિમિત્તે કૂતરાંઓ માટે શીરો બનાવી ખવડાવવાના સેવાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

# મેઘરજ રોડ પર શ્રમિક યુવકની છરીના ઘા ઝીંકી હત્યા

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ હાલક ડોલક બની છે. માલપુર રોડ પરથી પ્રમુખ ધામ કોમ્પ્લેક્ષ આગળથી લોહીલુહાણ હાલતમાં મળી આવેલ શ્રમિક આધેડનો મૃતદેહ મળી આવવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે શનિવારે રાત્રીના મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલ કુમકુમ પાર્ટી પ્લોટની પાછળની ખુલ્લી જગ્યામાં બે શ્રમિક પરિવારોની ઝૂંપડું બનાવવાની બોલાચાલીમાં નજીકમાં ઝુંપડા બહાર બેઠેલા યુવકે દૂર રહેવાનું જણાવતા એક શખ્સે ઉશ્કેરાઈ જઈ યુવકની છાતીના ભાગે છરીના જીવલેણ ઘા ઝીંકાતા બે પરિવારની બબાલમાં નિર્દોષ ૨૦ વર્ષીય યુવકનો ભોગ લેવાતા ભારે ચકચાર મચી હતી. મોડાસા રૂરલ પી.એસ.આઈ વ્યાસ ઘટનાસ્થળે દોડી આવી હત્યાનો ગુન્હો નોંધી મધ્યપ્રદેશનો હત્યારાને વહેલી સવારે ૪ વાગે દબોચી લીધો હતો.

# મોડાસાની સબલપુર નજીક બી-કનઈ સ્કૂલમાં તસ્કર ટોળકી ત્રાટકી ચોકીદાર પર ઘાતકી હુમલો

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઘરફોડિયા ગેંગ, તસ્કરો અને ચેઈનસ્નેચરો બેફામ બનતા પોલીસતંત્રના નાઈટ પેટ્રોલિંગના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. મોડાસાના સબલપુર નજીક આવેલી બી-કનઈ સ્કૂલમાં શનિવારે મોડી રાત્રે તસ્કરો ત્રાટકતા ફરજ બજાવતા બે સિક્યુરિટીગાર્ડને ધમકાવતા યુવાન સિક્યુરિટી ગાર્ડે પ્રતિકાર કરતા માથામાં ડંડાનો ઘા ઝીંકી દઈ સ્કૂલ ઓફિસમાં લૂંટના ઈરાદે તોડફોડ કરી સીસીટીવીના ડીવીઆર તોડી ફરાર થઈ જતા ચકચાર મચી હતી. ઈજાગ્રસ્ત ચોકીદારને સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો.

મોડાસા શહેરથી પાંચ કિલોમીટર દૂર આવેલી સીબીએસઈ બી કનઈ સ્કૂલમાં મોડી રાત્રે ત્રણ વાગ્યાની આસપાસ તસ્કર ટોળકી ત્રાટકતા સ્કૂલમાં ફરજબજાવતા બે સિક્યુરિટી ગાર્ડને જાણ થતા એક આધેડ સિક્યુરિટી ગાર્ડને ધમકાવી ખૂણામાં બેસાડી દીધો હતો. અન્ય યુવા ચોકીદારે પ્રતિકાર કરવાનો પ્રયત્ન કરતા બેફામ બનેલા તસ્કરોએ માર મારી માથામાં લાકડાના ઘા ઝીંકી દેતા યુવાન ચોકીદાર ફસડાઈ પડ્યો હતો. સ્કૂલ ઓફીશમાં રહેલા કબાટ સહિત તિજોરીઓ તોડી નાખી હતી. સ્કૂલના મહત્વના ડોક્યુમેન્ટ વેરવિખેર કરી દીધા હતા. સીસીટીવી કેમેરાના ડીવીઆર પણ તોડી નાખી કઈ હાથ ના લાગતા ઓફિસમાં તોડફોડ મચાવી હતી. સ્કૂલમાં ચોરીની ઘટના અને સિક્યુરિટી ગાર્ડ પર હુમલાના પગલે શાળાના સંચાલકો સ્કૂલમાં દોડી આવી ઈજાગ્રસ્તને સારવાર અર્થે દવાખાને ખસેડી રૂરલ પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.



## દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરમાં "અતુલ્ય ભારત" થીમ પર વાર્ષિકોત્સવ

"અતુલ્ય ભારત" થીમ અંતર્ગત વિદ્યાર્થીઓએ પાષાણ-યુગથી લઈને વર્તમાન ડિજિટ્લાઈઝેશન પર વિવિધ કાર્યક્રમ રજૂ કર્યા હતા. જેમાં હડ્ડપિય સંસ્કૃતિ, વૈદિક-સંસ્કૃતિ, રામાયણ-મહાભારત, કલિયુગ, મૌર્ય-યુગ, ચૌલ યુગ, મરાઠા-સામ્રાજ્ય, પૃથ્વિરાજ ચૌહાણ યુગ, મોગલ-કાળ, પોર્ટુગીઝ, આઝાદી પછીની હરિત ક્રાંતિ-શ્વેત ક્રાંતિ, પોખરણ પરમાણું વિસ્ફોટ અને વર્તમાનના ડિજિટ્લાઈઝેશન યુગને બખૂબી ડી.પી.એસ. ના છાત્રોએ વિવિધ નૃત્યો અને નાટક દ્વારા રજૂ કરીને દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ (દ્રેંસ્જીત્ન) ના ડાયરેક્ટર શિરીષ કાશીકર તથા હેડ ઓફ ઓફિસ ઓફ ઈન્ટરનેશનલ રિલેશન, પી.ડિ.પી.યુ. નિગમ દવેએ અને ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ એન.સી.સી.(ગુજરાત, દાદરાનગર હવેલી, દિવ અને દમણ) બ્રિગેડિયર રાજેશ મગોત્રાએ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહીને કાર્યક્રમ શોભાવ્યો હતો.

## કુંભ મેળાનો પ્રારંભ... ● પહેલા પાનાનું ચાલુ

તે માટે તેમને કુંભ સ્નાનનો લાભ પહેલો આપવાની ઓફર કરી હતી.આ વખતે સાધુઓનો વૈભવ રાજાઓ જેવો હોય છે.જેના કારણે તેને શાહી સ્નાન કહેવામાં આવે છે. જોકે એ પછી અખાડાઓએ શાહી સ્નાનને પોતાના સન્માન સાથે જોડી દીધુ હોવાથી આ માટે અખાડાઓ વચ્ચે સંઘર્ષ થવા માંડ્યો હતો.૧૭૧૦માં શૈવ અને વૈષ્ણવ અખાડા વચ્ચે શાહી સ્નાન માટે ખૂની લડાઈ થઈ હતી.

એ પછી બ્રિટિશરના શાસનકાળથી દરેક અખાડા માટે શાહી સ્નાનનો ક્રમ નક્કી કરાયો છે.જે હજી પણ ચાલ્યો આવે છે.શાહી સ્નાન માટે સાધુઓ પોતાની શક્તિ અને વૈભવનુ પ્રદર્શન કરીને જેને જે રીતે યોગ્ય લાગે તે રીતે આવે છે.એવુ મનાય છે કે શુભ મૂર્હતમાં ડુબકી લગાવવાથી અમર થવાનુ વરદાન મળે છે.

## અરવિંદ કેજરીવાલ... ● પહેલા પાનાનું ચાલુ

નનામો ઈમેલ આવ્યો હતો. કાર્યાલયે તે ઈમેલ દિલ્હીના પોલીસ કમિશનરને ફોરવર્ડ કરી દીધો હતો. અજાણ્યા શખ્સ તરફથી નનામો ઈમેલ કેજરીવાલના ઈનબોક્સમાં આવ્યો હતો. એમાં જણાવ્યું છે કે, 'અમે તમારી પુત્રીનું અપહરણ કરવાના છીએ. તમે એનું રક્ષણ કરવા માટે થાય તે કરી લો.

દિલ્હીના સિવિલ લાઈન્સ વિસ્તારમાં આવેલા કેજરીવાલના નિવાસસ્થાને નોર્થ ડિસ્ટ્રીક્ટ પોલીસે એકઁ જીંને તહેનાત કર્યા છે. આ ઈમેલ ક્યાંથી આવ્યો અને કોણે મોકલ્યો તે વિશે દિલ્હી પોલીસની એક ખાસ ટીમ તપાસ કરી રહી છે.

આ કેસ સ્પેશિયલ સેલના સાઈબર સેલને સુપરત કરી દેવામાં આવ્યો છે. તપાસ અધિકારીઓ મેલ જ્યાંથી આવ્યો તે મૂળ સ્થાનનું આઈપી એડ્રેસ ચેક કરી રહ્યા છે. કેજરીવાલના નિવાસસ્થાને સલામતીની વ્યવસ્થા વધારે કડક બનાવી દેવામાં આવી છે. પોલીસ તે વિસ્તારમાં ઝીણવટભરી દેખરેખ રાખી રહી છે.

## અનામત અમલી... ● પહેલા પાનાનું ચાલુ

કરવામાં આવશે. હાલમાં સ્થગિત રાખવામાં આવેલી પરીક્ષાના સંદર્ભમાં પણ કેટલીક વાત કરવામાં આવી છે. રૂપાણી કેબિનેટની બેઠકમાં વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવ્યા બાદ આ અંગેનો નિર્ણય લેવામાં આવી ચુક્યો છે. ૧૪મી જાન્યુઆરી પહેલા યોજાયેલી પરીક્ષામાં સામેલ વિદ્યાર્થીઓના મામલે દુવિધાભરી સ્થિતિ સર્જાયેલી છે. અત્રે નોંધનીય છે કે, પહેલા કેન્દ્રીય કેબિનેટે ૧૦ ટકા અનામત આપવાના પ્રસ્તાવને મંજુરી આપવામાં આવી હતી. ત્યારબાદ આ પ્રસ્તાવને આગલા જ દિવસે લોકસભામાં રજૂ કરવામાં આવ્યા બાદ તેને બહુમતિ સાથે મંજુરી મળી ગઈ હતી. લોકસભામાં આને મંજુરી મળ્યા બાદ તરત જ આગલા દિવસે રાજ્યસભામાં બંધારણીય સુધારા બિલ ૧૦૩ને રજૂ કરવામાં આવ્યું હતું. રાજ્યસભામાં પણ કોંગ્રેસ સહિત કેટલીક પાર્ટીઓએ વિરોધ કર્યો હોવા છતાં બિલને સમર્થન આપતા આને મંજુરી મળી ગઈ હતી. બંને ગૃહોમાંથી મંજુરી મળ્યા બાદ તેને રાષ્ટ્રપતિ પાસે મોકલી દેવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિએ પણ દિવસોના ગાળામાં જ આને મંજુરી આપી હતી. રાષ્ટ્રપતિની મંજુરી બાદ કાનૂન બન્યા પછી હવે ગુજરાત સરકારે સૌથી પહેલા આને અમલી કરવાનો નિર્ણય કર્યો છે. કાયદા અને ન્યાયમંત્રાલય દ્વારા શનિવારના દિવસે જ જાહેરનામુ જારી કરીને કેહવામાં આવ્યું હતું કે, રાષ્ટ્રપતિની મંજુરી બાદ કાનૂન બની ગયું છે.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

કોંગ્રેસ અને કોંગ્રેસ વચ્ચે મહારાષ્ટ્રમાં બેઠકોની વહેંચણી બાબત સમજૂતી સધાઈ છે. બીજા પક્ષો પણ કોંગ્રેસ સાથે જોડાણ કરવાના પક્ષે છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી વડા પ્રધાનપદના ઉમેદવાર નહીં હોવાનું સ્પષ્ટ કરી ચૂક્યા છે. આવા સંજોગોમાં નાગપુરસ્થિત ભાજપની માતૃસંસ્થા આરએસએસના વધુ નિષ્ઠાવંત લેખાતા કેન્દ્રના પ્રધાન નીતિન ગડકરી જ નહીં, મહારાષ્ટ્રના ભાજપી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ 'મરાઠી વડા પ્રધાન'નો આલાપ આરંભ્યો છે.

ભાજપના સંસ્થાપક સભ્ય અને વાજપેયી સરકારમાં પ્રધાન રહેલા ૮૮ વર્ષના સંઘપ્રિય ગૌતમે ૧૩ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ પત્ર લખીને ભાજપના અધ્યક્ષપદેથી અમિત શાહને હટાવીને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્ય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણને અધ્યક્ષ બનાવવા, ગડકરીને નાયબ વડા પ્રધાન બનાવવા અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને ભજન કરવા પાઠવીને એમને સ્થાને કેન્દ્રના ગૃહપ્રધાન રાજનાથ સિંહને મૂકવા ભલામણ કરી છે.

ભાજપમાં ઘણું બધું સખળડખળ છે. સંઘની નેતાગીરીની નારાજગી રામમંદિર સહિતના મુદ્દે બહાર આવ્યા પછી સંઘ ભાજપની બાબતોમાં હવે વધુ સક્રિય થવા માંડ્યો છે. મોદી-શાહને હવાલે ભાજપને ના જ મૂકી શકાય એ નાગપુરે સ્પષ્ટ કર્યું છે. આગામી દિવસોમાં વધુ આસમાની સુલતાનીના દર્શન થશે.

haridesai@gmail.com

## સાનુકૂળ પવન ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વખતની ઉત્તરાયણ સવા બે માસની હોવાથી આગામી ચોમાસા માટે સારા ચોમાસાના સંકેતરૂપ છે. ઉપરાંત સોમવારે આવતી હોવાથી પવનનું જોર પણ રહે. અને શિયાળામાં કોઈ કોઈ જગ્યાએ ઉભા કૃષિપાકોમાં હિમ પડવાની પણ ધાસતી રહેશે. કારણ કે દેશના ઉત્તરીય પર્વતિય પ્રદેશોમાં હજુ પણ ભારે હિમવર્ષાની સંભાવના રહે જેના લીધે બરફવર્ષાના કારણે ઠંડા પવનોની અસર આવી શકે છે.

તા. ૧૪-૧-૨૦૧૯ના દિવસે સૂર્યનો મકર રાશીમાં પ્રવેશ ૧૯ કલાક ૫૦ મિનિટ છે. આસરા પડતો ૨૦૨૦ની ઉત્તરાયણ અંગે જોઈએ તો ૨૦૧૯ની ઉત્તરાયણના મકર રાશીના પ્રવેશમાં છ કલાક અને ૯ મિનિટ ઉમેરીએ તો તે પછીની ઉત્તરાયણ આવે છે એટલે તે પછીની ઉત્તરાયણ ૧૫મી જાન્યુઆરીએ આવશે. ૨૦૨૦ની ૧૪મી જાન્યુ.ના ૨૬ કલાક અને ૮ મિનિટે એટલે તા. ૧૫ જાન્યુ. ૨૦૨૦માં રાતની ૨ કલાક અને ૮ મિનિટે ઉત્તરાયણ ૨૦૨૦ની આવશે. ખરૂ ઉત્તરાયણ તા. ૨૨-૧૨-૨૦૧૮ના ૦૩ કલાક અને ૫૪ મિનિટ સૂર્ય સાયન મકરરાશીમાં આવતા ગણાય છે. આ સંક્રાંતિ સૂર્ય નારાયણ મકરરાશીમાં આવે તે ગણાય છે.

સંક્રાંતિનો પૂર્ણકાળ તા. ૧૫-૧-૨૦૧૯ને મંગળવારના સૂર્યોદયથી સૂર્યાસ્ત છે. સંક્રાંતિનું દાન પુણ્યકાળે નવા વાસણો, ગાયને ઘાસ નાખવુ, અનાજ, તલ, ગોળ અને ક્યારેક પહેલાના વખતમાં થતુ હશે એવુ દાન પણ જણાવેલ છે. જેમકે ગાય, ઘોડો, ભૂમિ, સોનુ વગેરે દાનનું પણ મહત્વ જણાવેલ છે. સંક્રાંતિના પૂણ્ય સમયે તલમિશ્રીત જલથી સ્નાન કરવુ, તલનો અભ્યંગ શરીર પર લગાડવું, તલ ખાવા, ભગવાન શીવજીની વિધિસર પૂજા કરવી, સૂર્ય ભગવાનને દૂધનો અભિષેક કરવો, વડીલવર્ગ, પિત્રુઓને પણ પ્રસન્ન રાખવા વગેરેનું પણ મહત્વ છે.

## ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર ના કુલ ૨ લાખ ૮૭ હજાર પરિવારો પૈકી ૯૦ ટકા પરિવારો નળ દ્વારા પાણી મેળવી શકે છે. ગુજરાતની સરખામણીએ ગાંધીનગર નળ દ્વારા પાણી મેળવવામાં ઘણુ અગ્રેસર છે એમ કહી શકાય. જોકે ઉપચારિત કરાયેલું પાણી નળ દ્વારા મેળવતા ગાંધીનગરના પરિવારોની ટકાવારી ૫૩ ટકા છે જ્યારે ૩૭ ટકાથી વધુ પરિવારો આજે પણ પાટનગરની ઓળખ સાથે જોડાયેલા ગામ કે શહેરના પરિવારજન હોવા છતાં પણ તેમને પેયજળ તરીકે શુધ્ધ (અનઉપચારિત) પાણી ઉઅપલબ્ધ નથી. ગાંધીનગરમાં અન્ય સ્ત્રોત દ્વારા માત્ર ૧૦ ટકા જ ઉપયોગ કરીને પીવાનું પાણી મેળવી શકાય છે એ સારી સ્થિતિ છે પરંતુ આપણે જ્યારે સ્વચ્છ ભારત અભિયાન સાથે જોડાયેલા હોઈએ ત્યારે શુદ્ધ સ્વરૂપે ઉપચારિત કરાયેલું પાણી તમામને પૂરું પાડી શકાય એ દિશામાં તંત્રે વિચારવું જોઈએ. ગાંધીનગરના ૫૧ પરિવારો આજે પણ ઝરણા દ્વારા, ૧૬૬ પરિવારો નદી કે નહેરના પાણી મેળવીને અને ૩૧ પરિવારો તળાવ અને સરોવરના પાણીનો પીવાના પાણી તરીકે ઉપયોગ કરે છે. ગાંધીનગરાઓના સ્વાસ્થ્ય અને આરોગ્યના દ્રષ્ટિકોણથી આ પરિસ્થિતિમાં બદલાવ આવવો જોઈએ, પીવાનું સ્વચ્છ જળ મળવું જોઈએ.


